# શ્રીમતી સુરેખાબેન સુરેશચંદ્ર ચીમનલાલ શાહ
# સામાજિક સુરક્ષા કોવાડીયા ટ્રસ્ટ-મોડાસા.

## સુધારેલ વળતરના માટેના નિયમો તેમજ માર્ગદર્શિકા

૧. આ યોજના કોવાડીયા જ્ઞાતિ પુરતી મર્યાદિત છે. જેમાં દસ વર્ષ પુરા અને ૮૦ વર્ષ પુરા થાય ત્યાં સુધીની વય ધરાવતી વ્યકિત આ સ્કીમમાં સભ્ય બની શકે છે.

૨. આ યોજનામાં જોડાયેલ કોઈપણ સભ્યનું અકસ્માતમાં મૃત્યુ થાય તો ૩૦,૦૦૦ નું વળતર સામાજીક સુરક્ષા કોવાડીયા ટ્રસ્ટ દ્વારા આપવામાં આવશે. તથા ડેથ કલેઈમની રકમ ચુકવવામાં આવશે નહિ. જો સભ્યના અકસ્માતમાં બે હાથ, બે પગ કે બેઆંખોમાંથી કોઈપણ બે અંગ સંપૂર્ણ અપંગ બનશે તો સિવિલ સર્જનના સર્ટીફીકેટના દ્વારા નકકી કરવામાં આવશે તો રૂા. ૧૫૦૦૦/- તથા સિવિલ સર્જનના સર્ટીફીકેટ દ્વારા ઉપર મુજબના કોઈ એક અંગ સંપૂર્ણ અપંગ બને તો ડીસેબલમેન્ટના વળતર તરીકે ૧૦૦૦૦/- નું વળતર ટ્રસ્ટ દ્વારા ચુકવવામાં આવશે. પરંતુ અકસ્માત થયેલ એફ.આઈ.આર. ની કોપી પી.એમ. રીપોર્ટ તથા ડેથ સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ રજુ કરવાની રહેશે.

૩. સભ્ય બન્યા પછી છ માસ બાદ વળતર માટે હકકદાર રહેશે.

**વૈદકીય રાહતો : સુધારેલ નિયમો જે તા. ૧-૧૦-૨૦૨૫ થી લીધેલ સારવાર માટે અમલમાં આવશે.**

૧. આ યોજનામાં વળતર માટેની મહત્તમ મર્યાદા (એક નાણાકીય વર્ષમાં) રૂા. ૪૦૦૦૦/- ની રહેશે. એજ રીતે સભ્યની સમગ્ર લાઈફ દરમ્યાન ની મેડીકલેઈમની મર્યાદા રૂા.૧,૫૦,૦૦૦/ છે તે વધારીને રૂા. ૨,૦૦,૦૦૦/- મોટી સર્જરી કે મોટા દર્દની સારવાર જેમાં ફીઝીશીયન ટ્રીટમેન્ટ/ ડોકટરનો ચાર્જ/ ઓપરેશન ચાર્જ તથા દવાના ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ જે તે દર્દની નકકી કરેલ રકમ વળતર તરીકે આપવામાં આવશે. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવે તો રૂમચાર્જ એક દિવસના એસી/નોનએસી ના રૂા. ૪૦૦/- તે વધારીને રૂા. ૫૦૦/- (વધુમાં વધુ ૧૦ દિવસ) આપવામાં આવશે. જયારે આઈસીયુ/ આઈસીસીયુમાં દાખલ કરવામાં આવે તો એક દિવસના રૂા. ૬૦૦/- તે વધારીને રૂા. ૭૦૦/- (વધુમાં વધુ ૫ દિવસ) આપવામાં આવશે.

૨. એપેન્ડીકસ/ સારણગાંઠ/ હર્નિયા / ભગંદર / પાઈલ્સ(મસા)/ નાકનો પડદો/ કાનનો પડદો / પથરી / ટોન્સીલ વગેરે ઓપરેશન સારવાર ખર્ચના ૫૦ ટકા અથવા વધુ માં વધુ રૂા. ૫૦૦૦/ તે વધારીને રૂા. ૮,૦૦૦/- વળતર આપવામાં આવશે.

૩. આંખ અને મોતીયાના ઓપરેશન સભ્ય થયાના બે વર્ષ સુધી વળતરને પાત્ર નથી. પરંતુ બે વર્ષ બાદ મોતીયાના સાદા ઓપરેશનમાં ખર્ચના ૫૦ ટકા અથવા ૩૦૦૦/ તે વધારીને રૂા. ૪,૦૦૦/- વળતર આપવામાં આવશે. લેન્સ મુકવામાં આવેલ હશે તો રૂા.૫૦૦૦/ તે વધારીને રૂા. ૮,૦૦૦/- ચુકવવામાં આવશે. રેટીના (પડદો) ના ઓપરેશનમાં ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂા. ૭૫૦૦/ તે વધારીને રૂા. ૧૦,૦૦૦/- વળતર આપવામાં આવશે. મોતીયા-રેટીના માટે હોસ્પીટલમાં એડમીટ ન થયા હોય તો પણ માન્ય ગણાશે.

આંખના નંબર ઓછા કરવા અથવા કઢાવવા માટે કોઈપણ જાતનું ઓપરેશન ખર્ચ મળવાપાત્ર નથી.

૪. સુવાવડનો ખર્ચ વળતરને પાત્ર નથી. પરંતુ ગર્ભાશયની કોથળી કાઢવાના સભ્ય બન્યાથી ચાર વર્ષ સુધી વળતરને પાત્ર નથી. ત્યાર બાદ ખર્ચના ૭૦૦૦/ તે વધારીને રૂા. ૧૦,૦૦૦/-તેમજ સીજેરીયન ઓપરેશનના રૂા. ૫૦૦૦/ તે વધારીને રૂા. ૭ ,૦૦૦/-આપવામાં આવશે.

૫. હોમીયોપેથીક અને આયુર્વેદીક ખર્ચ ને વળતર આપવામાં આવશે નહીં.

૬. એન્જીયોગ્રાફી / સીટી એન્જીયોગ્રાફી કરાવી હશે તો ખર્ચના ૫૦ ટકા અથવા રૂા. ૩૦૦૦/ તે વધારીને રૂા. ૫,૦૦૦/-વળતર આપવામાં આવશે.

૭. એનેસ્થેસીયા/ ટીએમટી/ સોનોગ્રાફી/ ઈકો/ ઈસીજી/ પ્રત્યેકના ખર્ચના ૫૦ ટકા અથવા ૫૦૦/ તે વધારીને રૂા. ૨,૦૦૦/-મહત્તમ વળતર આપવામાં આવશે.

૮. લેબોરેટરી/ એકસરે / સીટીસ્કેન/ એમ.આર.આઈ/ પ્રત્યેકના ખર્ચના ૫૦ ટકા અથવા રૂા.૧૦૦૦/ તે વધારીને રૂા. ૨,૦૦૦/- મહત્તમ વળતર આપવામાં આવશે.

૯ એન્ડોસ્કોપી/ ઓર્થોસ્કોપી / બાયોપ્સી /બ્લેન્ડર સર્જરી ખર્ચના ૫૦ ટકા અથવા મહત્તમ રૂા. ૨૦૦૦/ તે વધારીને રૂા. ૩,૦૦૦/- આપવામાં આવશે.

૧૦. કોસ્મોટીક સર્જરી તથા ઈલેકટીવ સર્જરી (રીકન્સકટીવ સર્જરી) વળતરને પાત્ર નથી. પરંતુ દાઝયા કે વાગ્યાના ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂા. ૫૦૦૦/ તે વધારીને રૂા. ૭,૫૦૦/-વળતરને પાત્ર ગણાશે. દાઝયાના કેસમાં ડોકટરના સર્ટીફીકેટ મુજબ ૬૦ ટકા ઉપર હોય તો વધુમાં વધુ ૪૦,૦૦૦/ લીમીટ સુધી અથવા ખર્ચના ૫૦ ટકા વળતર આપવામાં આવશે.

૧૧. ઓકસીઝન ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂા. ૨૦૦૦/ તે વધારીને રૂા. ૨,૫૦૦/-વળતર આપવામાં આવશે.

૧૨. કીડની ડાયાલીસીસ એક વખતના રૂા. ૫૦૦/ તે વધારીને રૂા. ૧,૦૦૦/-અથવા વધુમાં વધુ એક વર્ષના રૂા. ૫૦૦૦/ તે વધારીને રૂા. ૧૦,૦૦૦/- સુધી વળતરને પાત્ર ગણાશે.

કીડની ફેઈલ/ટ્રાન્સપ્લાન્ટના રોગમાં ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂા.૪૦૦૦૦/ વળતર આપવામાં આવશે.

કીડનીમાં પથરીનું ઓપરેશન કરાવેલ હશે તો ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂા. ૭,૦૦૦/- વળતર આપવામાં આવશે.

૧૩. **બ્લડ :** એક બોટલના રૂા. ૧૦૦/ તે વધારીને રૂા. ૫૦૦/-વધુમાં વધુ રૂા. ૧૦૦૦/ તે વધારીને રૂા. ૨,૦૦૦/- વળતર આપવામાં આવશે.

૧૪. **કેન્સર :** કેમોથેરાપી એક વખતના રૂા. ૧૦૦૦/ તે વધારીને રૂા. ૨,૦૦૦/-અથવા વધુમાં વધુ એક વર્ષના રૂા. ૮૦૦૦/ તે વધારીને રૂા. ૧૦,૦૦૦/-સુધી વળતરને પાત્ર ગણાશે. શરીરના કોઈપણ અંગનું કેન્સર થયુ હોય તો ખર્ચના ૫૦ ટકા અથવા વધુ માં વધુ ૪૦૦૦૦/ વળતર આપવામાં આવશે.

૧૫. **રેડીએશન :** એક વખતના રૂા. ૩૦૦/ તે વધારીને રૂા. ૧,૦૦૦/-અથવા વધુમાં વધુ એક વર્ષના રૂા. ૭૫૦૦/ તે વધારીને રૂા. ૧૦,૦૦૦/-વળતર આપવામાં આવશે.

૧૬. પ્રોસ્ટેટ: મહત્તમ રૂા. ૫૦૦૦/ તે વધારીને રૂા. ૭,૫૦૦/-અથવા ખર્ચના ૫૦ ટકા વળતર આપવામાં આવશે.

૧૭. **ફુડ પોઈઝનીંગ :** ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ એક વર્ષના રૂા. ૩૦૦૦/ તે વધારીને રૂા. ૫,૦૦૦/- વળતર આપવામાં આવશે.

૧૮. **વેન્ટીલેટર :** ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ એક વર્ષના રૂા. ૫૦૦૦/ તે વધારીને રૂા. ૭,૫૦૦/- વળતર આપવામાં આવશે.

૧૯. કોઈપણ દર્દની દવાઓના ખર્ચના ૫૦ ટકા અને વધુમાં વધુ રૂા. ૭૫૦૦/ તે વધારીને રૂા. ૧૦,૦૦૦/- વળતર આપવામાં આવશે.

૨૦. કોઈપણ રોગમાં રૂા. ૧૦૦૦/ સુધીના ખર્ચની રકમ આ યોજના હેઠળ વળતરને પાત્ર નથી.

૨૧. વેરીકોઝ વેઈન (પગની નસો) ફુલી જવાની તકલીફ થાય તો બીલના ૫૦ ટકા અથાવ વધુમાં વધુ ૧૫,૦૦૦/- વળતર આપવામાં આવશે.

૨૨. દાંતની સારવાર વળતરને પાત્ર નથી. એકસીડેન્ટના સંજોગોમાં જડબાના ઓપરેશન માટે વધુમાં વધુ રૂા. ૨૦૦૦/ તે વધારીને રૂા. ૫,૦૦૦/- વળતર આપવામાં આવશે.

૨૩. સાંધાના રીપ્લેસમાંન્ટમાં પહેલા ચાર વર્ષ સુધી વળતરને પાત્ર નથી ને બદલે હવે બે વર્ષ સુધી વળતરને પાત્ર નથી (દા.ત. ઢાંકણી બદલવી / બોલ બદલવો)

૨૪. પેરાલીસીસ માં ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂા. ૫૦૦૦/ તે વધારીને રૂા. ૧૦,૦૦૦/- ફીજીયોથેરાપી સાથે વળતર આપવામાં આવશે.

૨૫. માણસ કોમામાં આવી જાય ત્યારે અને ૩૦ દિવસથી વધુ સમય રહયા હોય ત્યારે ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂા . ૪૦૦૦૦ વળતર આપવામાં આવશે.

૨૬. કરોડરજ્જુના મણકા માટે તેમજ કોઈપણ જાતનો ડીસ્ક પ્રોબ્લેમ થાય તો હોસ્પીટલમાં દાખલ થયેલ હોય તોજ ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ સ્પાઈન ઓપરેશન હોય તો રૂા. ૪૦૦૦૦/ વળતર આપવામાં આવશે.

૨૭. ધોરી નસની તકલીફમાં હોસ્પીટલમાં દાખલ થયેલ હશે તો ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂા. ૩૦૦૦/ તે વધારીને રૂા. ૫,૦૦૦/- વળતર આપવામાં આવશે.

૨૮. કમળો (જોન્ડીસ) થયેલ હોય અને હોસ્પીટલમાં દાખલ થયેલ હોય તો ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂા. ૨૦૦૦/ તે વધારીને રૂા. ૫,૦૦૦/-વળતર આપવામાં આવશે.

૨૯. લીવરનું ઓપરેશન કરાવવામાં ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂા. ૪૦૦૦૦/ વળતર આપવામાં આવશે.

૩૦. હાર્ટની એન્જીયોપ્લાસ્ટી કે બાયપાસ સર્જરી કરાવવામાં આવશે તો એન્જીયોગ્રાફીનો ખર્ચ અલગથી મળશે નહીં ઓપરેશનની મહત્તમ મર્યાદા રૂા. ૪૦૦૦૦/ વળતર આપવામાં આવશે.

૩૧. આંતરડા તથા પિત્તાશયમાં ઓપરેશનના ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુરૂા. ૩૦૦૦/ તે વધારીને રૂા. ૫,૦૦૦/-વળતર આપવામાં આવશે.

૩૨. એનીમીયામાં ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ ૫૦૦૦/ તે વધારીને રૂા. ૭,૫૦૦/-

૩૩. ગેસ્ટીક/અલ્સરમાં ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂા. ૩૦૦૦/ તે વધારીને રૂા. ૫,૦૦૦/-

૩૪. ન્યૂમોનીયામાં ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂા. ૩૦૦૦/ તે વધારીને રૂા. ૫,૦૦૦/-અને ન્યુમોનીયા ના ઈન્ફેશનમાં ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ ૫૦૦૦/ તે વધારીને રૂા. ૭,૦૦૦/-

૩૫. સ્વરપેટીમાં સોજામાં ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂા. ૩૦૦૦/ તે વધારીને રૂા. ૫,૦૦૦/-

૩૬. ડેન્ગ્યુ માં ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂા. ૫૦૦૦/ તે વધારીને રૂા. ૭,૦૦૦/-

૩૭. ચિકન ગુનિયા/ યુરીન ઈન્ફેકશન/ કોરોના માટે ખર્ચના ૫૦ ટકા અથવા મહત્તમ રકમ રૂા. ૨૦૦૦/ તે વધારીને રૂા. ૫,૦૦૦/-વળતર આપવામાં આવશે. તેમજ સારવાર માટે હોસ્પીટલાઈજેશનની જરૂરીયાત રહેશે નથી. પરંતુ લેબોરેટરીનો રીપોર્ટની આવશ્યકતા રહેશે.

૩૮. ફેમીલી ડોકટરનું આખા વર્ષનું બધા દર્દોનું ભેગું બીલ વળતરને પાત્ર નથી.

૩૯. ડોકટરની કન્સલટન્સી ફી , વિઝીટ ફી , રજીસ્ટ્રેશન ચાર્જ અને નર્સીંગ ચાર્જ વળતરને પાત્ર નથી.

૪૦. વિમા કંપનીના નિયમ મુજબ ઓછામાં ઓછા એક દિવસ (૨૪ કલાક) ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ થયેલા હોવા જોઈએ. તોજ મેડીકલેઈમ ને પાત્ર ગણાશે. (કેન્સર/ડાયાલીસીસ/રેડીએશન/ચીકનગુનીયા/કોરોના તેમજ મોતીયા અને રેટીનાની સારવાર માટે એક દિવસની હોસ્પીટલાઈઝેશનની જરૂરીયાત નથી.)

૪૧. પાર્કીસન્સ ના રોગમાં ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ મેડીકલેઈમ ૪૦૦૦૦/ વળતરને પાત્ર ગણાશે.

૪૨. ઉપરોકત દરેક દર્દમાં કન્સલ્ટીંગ ડોકટર (એમ.બી.બી.એસ./એમ.ડી./એમ.એસ.)નું પ્રિસ્ક્રીપ્શન તથા કેશમેમોના બીલ અવશ્ય રજુ કરવાના રહેશે. ઝેરોક્ષ કોપી ચાલશે. કમ્પ્યુટર બીલો જીએસટી નંબરવાળા જે તે નાણાકીય વર્ષના ત્રણ માસ સુધી વળતરને પાત્ર ગણાશે. એટલે કે સારવાર લીધાના ત્રણ માસની મર્યાદામાં નાણાકીય વર્ષ પુરુ થાય તે પહેલા બીલ મોકલી આપવાનું રહેશે. સંસ્થાનું હિસાબી વર્ષ ૧લી એપ્રીલ થી ૩૧ મી માર્ચ સુધીનું છે.મેડીકલેઈમ માટે સંસ્થાનું નિયત ફોર્મ સંપૂર્ણ ભરી બીલ સાથે જોડી સભ્યફીના સર્ટીની નકલ અને કેન્સલ ચેક મોકલવાનો રહેશે. ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન વધુમાં વધુ ૪૦૦૦૦/ કલેઈમ મેળવેલો હોય અને તે વ્યકિત બીજા દર્દ માટે જાન્યુ/ફેબ્રુ/માર્ચ માં સારવાર લે તો આ બીલ પછીના નાણાકીય વર્ષમાં મુકવામાં આવશે તો વળતરને પાત્ર રહેશે નહીં.

૪૩. એક વખત કલેઈમ લીધા બાદ સભ્ય તરીકે ૮૦ વર્ષ સામાન્ય સભાની મંજૂરી ને આધિન પૂર્ણ થયા બાદ જ સભ્ય પદની રકમ પરત મળવા પાત્ર થશે.

૪૪. હાલમાં મેમ્બરને ડેથ કલેઈમ હોય કે મુદત પુરી થતી હોય ત્યારે સભ્ય એ ભરેલી ડીપોજીટ રૂા. ૪૦૦૦/ કે રૂા.૫૦૦૦/ હોય તો પુરેપુરા પરત આપવા.

૪૫. ગવર્નમેન્ટ ના કાર્ડમાં દાખલ થયા હોય / ઓપરેશન કરાવ્યું હોય તો તેમાં મેડીકલેઈમ આપવો નહીં. પરંતુ ફીજીયોથેરાપી કે તે પછીની દવાનો ખર્ચ થયો હોય તો નિયમ મુજબ કલેઈમ મંજૂર કરવો.

૪૬. સ્પોન્સર સભ્યને ૮૦ વર્ષ પૂર્ણ થયા બાદ સભ્યપદની રકમ પરત મળશે નહી. પરંતુ કોપર્સ ફંડ ખાતે જમા લેવામાં આવશે.

૪૭. સભ્યનું મૃત્યું થયું હોય તો વારસદારની અરજી સાથે મરણનો દાખલો તથા સભ્યનું સર્ટીફીકેટ રજુ કરેથી ભરેલ ડીપોઝીટની રકમ તથા ડેથ કલેઈમની રૂા. ૭,૦૦૦/ મળવાપાત્ર રહેશે.

ઉપરોકત તમામ નિયમો આગામી જનરલ સભામાં મંજૂર થયા બાદ ત્યાર પછીના મહીનાની ૧લી તારીખ પછીના બીલો નવા નિયમ મુજબ મંજૂર કરવામાં આવશે.

ઉપરોકત નિયમોમાં ત્રણ નાણાકીય વર્ષ સુધી કોઈપણ જાતનો ફેરફાર ને અવકાશ રહેશે નહીં. જો કોઈ નવો રોગ આવ્યો હશે તો તેના માટે વિચારણા કરવામાં આવશે.

પરમકૃપાળુ પરમાત્મા સૌને નિરોગી રાખે અને દીર્ઘાયુ બક્ષે સુખી સંપન્ન બનાવે તેવી પ્રાર્થના.